# બોર્ડર વટાવી ભારતમાં ઘૂસ્યાં બાંગ્લાદેશી ઘૂસણખોરો

**દિનાજપુરમાં સરહદ પર આવેલા મલિકપુર ગામમાં મધ્યરાત્રિએ બાંગ્લાદેશીઓ દાણચોરી અને લૂંટ ચલાવવા માટે આવ્યા હતા**

**(એજન્સી)નવી દિલ્હી,** ભારત-બાંગ્લાદેશ સરહદ પર બાંગ્લાદેશીઓએ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) પર સતત બે હુમલા કર્યા છે. આ હુમલો ચોથી અને પાંચમી ફેબ્રુઆરીની રાત્રે થયો હતો. પશ્ચિમ બંગાળના દક્ષિણ દિનાજપુરમાં સરહદ પર આવેલા મલિકપુર ગામમાં મધ્યરાત્રિએ બાંગ્લાદેશીઓ દાણચોરી અને લૂંટ ચલાવવા માટે આવ્યા હતા.

અહેવાલો અનુસાર, બીએસએફએ મધ્યરાત્રિએ આ ઘૂસણખોરો પડકાર્યા, ત્યારે આ બાંગ્લાદેશીઓએ બીએસએફ સૈનિકોને ચારે બાજુથી ઘેરી લીધા અને તલવારો, ખંજરથી તેમના પર હુમલો કર્યો હતો. ત્યારબાદ બીએસએફના જવાનો દ્વારા સ્વબચાવમાં ગોળીબાર કર્યો. આ હુમલામાં BSF જવાન ઘાયલ થયા છે જ્યારે એક બાંગ્લાદેશી ઘૂસણખોર પકડાઈ ગયો છે.

અહેવાલો અનુસાર, આ બાંગ્લાદેશીઓ ખંજર, તીક્ષ્ણ હથિયારો અને અન્ય વસ્તુઓથી સજ્જ હતા. માત્ર ૬ કલાકમાં તેમણે બીએસએફ પર બે વાર હુમલો કર્યો. પહેલો હુમલો રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ વહેલી સવારે બાંગ્લાદેશીઓ ફરી આવ્યા. બંને વખત બીએસએફ એ તેમને માર માર્યો અને ભગાડ્યા. ચોથી અને પાંચમી ફેબ્રુઆરીની રાત્રે, કેટલાક બાંગ્લાદેશીઓ આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ્યા. આ બાંગ્લાદેશીઓ ઘૂસણખોરી અને દાણચોરીના ઈરાદાથી દક્ષિણ દિનાજપુરના મલિકપુર ગામમાં પ્રવેશ્યા હતા.

પાંચમી ફેબ્રુઆરીની વહેલી સવારે મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓ સરહદ પાર કરીને ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ્યા. તેણે દક્ષિણ દિનાજપુરના મલિકપુર ગામને નિશાન બનાવ્યું. આ વખતે તેઓ ભારે હથિયારો સાથે આવ્યા હતા. આ બાંગ્લાદેશીઓ પાસે ખંજર અને લાકડીઓ સહિત ઘણા હથિયારો હતા. ત્યારબાદ બીએસએફએ આ બાંગ્લાદેશીઓ પર ગોળીબાર કર્યો. ગોળીઓ શરૂ થતાં જ બાંગ્લાદેશીઓ પોતાનો જીવ બચાવવા માટે ભાગી ગયા. તમને જણાવી દઈએ કે ઘટના દરમિયાન સરહદ પર ગાઢ ધુમ્મસ હતું.

# ઓડિશા : પાટા પરથી ટ્રેન ઉતરી નજીકની સોસાયટીમાં ઘુસતા ચકચાર

**(એજન્સી)રાઉરકેલા,** ઓડિશાના રાઉરકેલાના માલગોદામ બસ્તી વિસ્તારમાં એક માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. જે બાદ આખા વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. ટ્રેનના ત્રણ ડબ્બા ટ્રેક પરથી ઉતરીને નજીકમાં આવેલા રહેણાંક વિસ્તારમાં જતા રહ્યા હતા. જેના કારણે ત્યાંથી પસાર થતાં લોકોને ભારે તકલીફનો સામનો કરવો પડ્યો. રેલવે અને પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી છે અને ડબ્બાને હટાવવાની કામગીરી શરુ કરી દીધી છે.

રાઉરકેલા એસપીના જણાવ્યા અનુસાર, પ્રાથમિક સૂચના અનુસાર, રેલવેની કોઈ ટેકનિકલ સંચાલન દરમ્યાન આ દુર્ઘટના થઈ છે. દુર્ઘટનામાં અત્યાર સુધીમાં કોઈ જાનહાનિની સૂચના નથી મળી. બાદમાં રાહત કાર્ય ચાલું કરી દીધું છે અને સ્થિતિ સ્વાભાવિક કરવાની કોશિશ થઈ રહી છે. જાણવા મળ્યું છે કે, ટૂંક સમયમાં આ માર્ગ પર રેલ વ્યવહાર ફરીથી શરુ થઈ જશે.

રેલવે એ જાણવાની કોશિશ કરી રહ્યું છે કે, આ દુર્ઘટના કેવી રીતે થઈ. રાહતની વાત એ છે કે અત્યાર સુધીમાં કોઈ ઘાયલ થવાના સમાચાર નથી. દક્ષિણ પૂર્વી રેલવેના સીપીઆરઓએ જણાવ્યું કે, રાઉરકેલા રેલવે યાર્ડ જ્યારથી ખાલી કંટેનર રેકને પ્લેસ કરી રહ્યા હતા, ત્યારે બફર ઝોન અને ડેડ એન્ડને તોડતા ડબ્બા પાછળ આવેલા રહેણાંક વિસ્તારમાં ઘુસી ગયા હતા. આ ડબ્બા દીવાલ તોડીને ૧૦ મીટર અંદર ઘુસી ગયા હતા. જો કે સારી વાત એ છે કે આ દુર્ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી. લોકોને કહેવામાં આવ્યું છે કે, જ્યાં સુધી રસ્તો સાફ ન થાય, ત્યાં સુધી બીજા રસ્તાનો ઉપયોગ કરવાની પ્રશાસને વાત કરી છે.

# ભારતીય નસ્લની ગાય ૪૦ કરોડ રૂપિયામાં વેચાઈ

**આ કોઈપણ ગાય માટે અત્યાર સુધીની સૌથી મોંઘી બોલી છે, જેણે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું**

**(એજન્સી) બ્રાઝિલીયા,** બ્રાઝિલમાં યોજાયેલા પશુ મેળામાં ભારતીય જાતિની ગાય ૪૦ કરોડ રૂપિયામાં વેચાઈ હતી. આ કોઈપણ ગાય માટે અત્યાર સુધીની સૌથી મોંઘી બોલી છે, જેણે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. આ બોલી બ્રાઝિલના મિનાસ ગેરાઈસમાં લાગી હતી, જ્યાં એક ગ્રાહકે વિઆટીના-૧૯ નામની ગાય માટે આટલી ઊંચી બોલી લગાવી હતી. ગાયનું વજન ૧૧૦૧ કિલો હોવાનું જાણવા મળ્યું, જે આ જાતિની અન્ય ગાયોની સરખામણીમાં લગભગ બમણું છે.

નેલ્લોર જાતિની આ ગાય ચર્ચામાં આવી છે. આ જાતિ ભારતના આંધ્રપ્રદેશ, તેલંગાણામાં જોવા મળે છે. વિઆટીના-૧૯ નામની ગાયને આખી દુનિયામાં ઓળખ મળી છે. તે તેના અસાધારણ જનીનો અને શારીરિક સુંદરતા માટે જાણીતી છે. આ ગાયે મિસ સાઉથ અમેરિકાનો ખિતાબ પણ જીત્યો હતો.

ત્યારથી આ મુદ્દો ચર્ચામાં છે. લોકો આ ગાયના બચ્ચાને વિશ્વના ઘણા દેશોમાં લઈ ગયા છે જેથી સારી જાતિની ગાયો ઉત્પન્ન થઈ શકે. આ જ કારણ છે કે જ્યારે આ ગાય માટે બોલી લગાવવામાં આવી ત્યારે એક ગ્રાહકે ૪૦ કરોડ રૂપિયા સુધીની ઊંચી કિંમત ચૂકવવાનું નક્કી કર્યું. નેલ્લોર ગાયોની જાતિને ઓંગોલ જાતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ગાયોની ખાસિયત એ છે કે તેઓ અત્યંત મુશ્કેલ અને ગરમ પરિસ્થિતિમાં પણ જીવી શકે છે. તેમની દૂધ આપવાની ક્ષમતા પર કોઈ અસર થતી નથી. સામાન્ય રીતે, અત્યંત ગરમ હવામાનમાં ગાયોનું દૂધ ઉત્પાદન ઘટે છે. આ ઉપરાંત, નેલ્લોર જાતિની ગાયોની રોગપ્રતિકારક શક્તિ પણ ઉત્તમ છે અને તેઓ રોગો સામે લડવામાં સક્ષમ છે. આ જ કારણ છે કે તેમની લોકપ્રિયતા સમગ્ર વિશ્વમાં ખૂબ ઊંચી છે. આ ગાયો ખૂબ જ ઓછી કાળજી સાથે મુશ્કેલ વિસ્તારોમાં ટકી શકે છે. સફેદ રૂંવાટી અને ખભા પર ઊંચા ખૂંધ ધરાવતી આ ગાયોમાં ઊંટની જેમ લાંબા સમય સુધી ખોરાક અને પાણીનો સંગ્રહ કરવાની વિશેષ ક્ષમતા હોય છે. આ કારણે, તેમના માટે રણ અને ગરમ વિસ્તારોમાં રહેવું સરળ બને છે. આ જ કારણ છે કે સમગ્ર વિશ્વમાં નેલ્લોર જાતિની ગાયોની માંગ વધી છે. ક્યારેક ઘાસચારાના અભાવે પ્રાણીઓ માટે જીવવું મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં, આ ગાયો એક સારો વિકલ્પ છે. આ ગાયો ચરબીનો સંગ્રહ કરે છે. આ કારણે, મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ તેમના સ્વાસ્થ્ય પર બહુ અસર થતી નથી.

# અયોધ્યા રામમંદિરમાં દર્શન અને આરતીનો સમય બદલાયો

**(એજન્સી) અયોધ્યા,** અયોધ્યામાં રામ મંદિર ટ્રસ્ટે શ્રદ્ધાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખતા રામલલાના દર્શન અને આરતીના સમયમાં મહત્વના ફેરફાર કર્યા છે. હવે રામલલાના દર્શન સવારે ૬.00 વાગ્યાથી લઈને રાતના ૧૦.00 વાગ્યા સુધી કરી શકાશે. જેના કારણે વધારેમાં વધારે ભક્તોને તેનો લાભ મળશે. સવારે ૪.00 વાગ્યે મંગળા આરતી થશે અને આ દિવસની પહેલી આરતી હશે. મંગળા આરતી બાદ ભગવાનના પટ થોડા સમય માટે બંધ રહેશે. સવારે ૬.00 વાગ્યે શ્રૃંગાર આરતી, આ આરતી સાથે જ રામલલાનું મંદિર સામાન્ય લોકો માટે ખોલી દેવામાં આવશે. બપોરે ૧૨.00 વાગ્યે રાજભોગ, આ સમય ભગવાનને ભોગ લગાવવામાં આવશે, પણ આ દરમ્યાન પણ શ્રદ્ધાળુઓ રામલલાના દર્શન કરી શકશે. તો વળી સાંજના ૭.00 વાગ્યે સંધ્યા આરતી,સંધ્યા આરતીના સમયે ભગવાનના પટ ૧૫ મિનિટ માટે બંધ રહેશે. રાતના ૧૦.00 વાગ્યે શયન આરતી. ત્યાર બાદ ભગવાનના પટ બંધ કરી દેવામાં આવશે. અહીં ઉલ્લેખનિય છે કે, પહેલા સવારે ૭.00 વાગ્યે ભક્તો માટે પટ ખોલવામાં આવતા હતા, પણ હવે આ સમય ૬.00 વાગ્યાનો કરી દીધો છે. તો વળી પહેલા શયન આરતીનો સમય ૯.૩૦ વાગ્યાનો હતો, જેને હવે ૧૦.00 વાગ્યાનો કરી દીધો છે.

# ૬૭મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયશીપમાં આણંદના શૂટરોનો પ્રશંસનીય દેખાવ

**(પ્રતિનિધિ) આણંદ,** તાજેતર માં દિલ્હી ખાતે ૬૭ મી રાષ્ટ્રીય પિસ્તોલ શૂટિંગ ચેમ્પિયનશિપ યોજાઈ હતી . જેમાં આણંદ ની ખ્યાતનામ પ્રતિભા એકેડમી માં શૂટિંગની તાલીમ મેળવી રહેલા શૂટર્સ રાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવેલ છે.



જેમાં ભરવાડ નિધિ અરવિંદભાઈ એ ૧૦ મીટર સુબયુથ વુમન તથા યુથ વુમન કેટેગરી માં પિસ્તોલ શૂટિંગ ની ઈવેન્ટ મા રાષ્ટ્રીય કોલિફિશન ક્લિયર કરી ને રિનાઉન્ડ શૂટર ઓફ ઈન્ડિયા થયેલ છે. તથા રાષ્ટ્રીય શૂટિંગ ટ્રાયલ્સ માટે ક્વોલિફાઈ થયેલ છે.

આ ઉપરાંત, ભોપાલ ખાતે ૬૭ મી રાષ્ટ્રીય રાયફલ શૂટિંગ ચેમ્પિયનશિપ યોજાઈ હતી જેમાં પઠાણ મુસીરાબાનુ એ ૧૦ મીટર રાઈફલ જુનિયર વુમન કેટેગરી માં રાષ્ટ્રીય કક્ષાએ રિનાઉન્ડ શૂટર ઓફ ઈન્ડિયા થયેલ છે. પ્રતિભા એકેડમી ખાતે તાલીમ લઈ રહેલા બંને ખિલાડી ને તેમના શૂટિંગ કોચ શ્રી વિજયભાઈ સરગરા તથા પ્રતિભા એકેડમી ના મેનેગમેન્ટ એ શુભકામના ઓ પાઠવી હતી.

આ ઉપરાંત ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સીટી ચેમ્પિયનશિપ માં પ્રતિભા એકેડમી માં શૂટિંગ ની ટ્રેનિંગ લઈ રહેલા કુ.કલ્પના સાકીયા જેઓ જી.ટી.યુ. માં આભ્યાસ કરે છે તથા યુગ મંજરાવાળા, મનીષ જોષી તથા કુ.હિરલ ગોહેલ જેઓ સરદાર પટેલ યુનિવર્સીટી માં અભ્યાસ કરે છે. તેઓ એ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સીટી ૨૦૨૫ ચંદીગઢ ખાતે ભાગ લીધો હતો તે બદલ પ્રતિભા એકેડમી તથા આણંદ ડીસ્ટ્રીકટ રાઈફલ શૂટિંગ એસોશિયેસન ના હોદ્દેદારો એ આભિનંદન પાઠવ્યા હતા. પ્રતિભા એકેડમી ના શૂટિંગ કોચ શ્રી વિજય સરગરા એ તમામ શૂટર્સ ને અભિનંદન પાઠવી ને ભવિષ્ય માં વધુ ઉજ્જવળ કારકીર્તિ બનાવવા આહવાહન કર્યું હતું.

આ ઉપરાંત ખેલ મહાકુંભ અંતર્ગત આણંદ જિલ્લા કક્ષા ની સ્કેટિંગ સ્પર્ધા સરદાર પટેલ રમત સંકુલ રામપુરા મુકામે યોજાઈ હતી. જેમાં પ્રતિભા એકેડમી માં ટ્રેનિંગ લેતી સારા વ્હોરા અંન્ડર ૧૭ મીટર સ્કેટિંગ ની ઈવેન્ટ માં ભાગ લઈ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તે બદલ પ્રતિભા એકેડમી ના કોચ શ્રી નિતેશ ભાટિયા તથા પ્રતિભા એકેડમી મેનેજમેન્ટ એ શુભેચ્છા પાઠવેલ છે.

# ગોધરાના ભુરાવાવ ઓવરબ્રિજનું શહેરીજનોએ જ લોકાર્પણ કરી વાહન વ્યવહાર ચાલુ કર્યો

**(પ્રતિનિધિ) ગોધરા,** ગોધરામાં ભુરાવાવ અને બસ સ્ટેન્ડ વિસ્તારની ટ્રાફિક સમસ્યા ઉકેલવા માટે કરોડોની ખર્ચથી નિર્મિત ઓવરબ્રિજ એક મહિના પહેલા જ સંપૂર્ણ બની ચૂક્યો છે. છતાં, તંત્રની નિષ્ક્રીયતાના કારણે હજી સુધી આ બ્રિજ શરૂ કરવામાં આવ્યો નથી.



શહેરીજનો અને વાહનચાલકો લાંબા સમયથી આ બ્રિજ શરૂ થવાની રાહ જોઈ રહ્યા છે, પરંતુ કોઈ સ્પષ્ટ કારણ વગર તેને ખુલ્લો મૂકવામાં આવી રહ્યો નથી. હાલની પરિસ્થિતિમાં વાહનચાલકોની મુશ્કેલીઓ યથાવત રહી છે, જેના કારણે લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.તંત્ર દ્વારા બ્રિજ ખુલ્લો મૂકવામાં વાર લેતા વાહનચાલકોએ જાતે જ અવરજવર શરૂ કરી દીધી છે. કોન્ટ્રાક્ટર દ્વારા બંને તરફ પતરા લગાવી અવરજવર રોકવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ શહેરીજનો અને ડ્રાઈવરો આ પ્રતિબંધની પરવા કર્યા વિના બ્રિજ પરથી પસાર થઈ રહ્યા છે. ભુરાવાવ અને બસ સ્ટેન્ડ વિસ્તાર ગોધરાના સૌથી વ્યસ્ત વિસ્તારોમાંનો એક છે, જ્યાં ટ્રાફિક સમસ્યા છેલ્લા કેટલાય સમયથી માથાનો દુખાવો બની છે. ???જિન હોવાના કારણે રોજ લોકોને બેડા પડતા રહે છે. છતાં, બ્રિજ સંપૂર્ણ બની ચૂક્યા બાદ પણ તે શરૂ કરવામાં તંત્ર તરફથી માત્ર દિવસો અને સપ્તાહો પસાર કરવામાં આવી રહ્યા છે.જાહેરખબર અને દાવો કરવા માટે તંત્ર આગળ હોય છે, પણ જેવાં અમલમાં મૂકવાની વાત આવે ત્યારે ગાફલત સામે આવે છે. હવે શહેરીજનો તંત્ર પાસેથી માંગ કરી રહ્યા છે કે જો બ્રિજ સંપૂર્ણ તૈયાર છે, તો તેને તાત્કાલિક શરૂ કરવો જોઈએ જેથી ગોધરાના લોકો ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મેળવી શકે.

# આણંદ-વિદ્યાનગર ખાતે ૩૨મુ ભૂદેવ જીવનસાથી સંમેલન યોજાયું



**(પ્રતિનિધિ) આણંદ,** તાજેતરમાં ભૂદેવ નેટવર્ક ના પ્રમુખ શ્રી વિપુલભાઈ પંડ્યા અને ઉપપ્રમુખ શ્રીમતી અંજલીબેન પંડ્યા એ જણાવ્યું છે કે આણંદ - વિદ્યાનગર ખાતે , ૩૨મુ સમસ્ત બ્રાહ્મણ - ભૂદેવ જીવનસાથી પરિચય સંમેલન નું આયોજન થયું.

આ સંમેલન મા કુલ ૨૫૦૦ થી વધુ બ્રાહ્મણ લગ્નેચ્છુક ઉમેદવારો એ રેજીસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાં ૭૦૦ થી વધૂ દીકરીઓ અને ૧૮૦૦ થી વધુ દીકરાઓ એ પોતાનું બાયોડેટા રેજીસ્ટ્રેશન કરાવ્યું હતું. સંમેલન મા ૨૦૦૦ થી વધુ પેરેન્ટ્સ - દીકરા - દીકરીઓ રૂબરૂ પધાર્યા હતા. અને આ મેગા સંમેલન નો ખુબજ ઉત્સાહ અને ઉમળકા-ભેર લાભ લીધો હતો. સંમેલન મા અતિથિ વિશેષ તરીકે સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (માતૃ-સંસ્થા) ના શ્રી દિનેશભાઈ પાઠક અને ધનંજય ભટ્ટ પધાર્યા હતા. તેમણે સૌ ઉમેદવારો ને પોતાના આશીર્વચન આપ્યા હતા અને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખેડબ્રહ્મા પાલિકાની ચૂંટણીમાં પ્રચારનો શુભારંભ

**(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા,** ખેડબ્રહ્મા શહેરની નગરપાલિકા ની સાત વોર્ડની ૨૮ બેઠક માટે ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી તથા અપક્ષો દ્વારા ૮૪ ફોર્મ ભરાયા હતા. સોમવારના રોજ ચકાસણી દરમિયાન ૧૯ ફોર્મ રદ થયા હતા અને ૬૫ ઉમેદવાર માન્ય ઉમેદવાર રહ્યા હતા. તે પછી મંગળવારે પાંચ ઉમેદવારે ફોર્મ પર જ ખેંચતા હવે સાઈઠ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. વોર્ડ નંબર બે માં બે અપક્ષ ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યા હતા. વોર્ડ નંબર ત્રણમાં અને વોર્ડ નંબર ૫ માં એક એક અપક્ષ ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચી હતી. જ્યારે વોર્ડ નંબર સાતમા ભાજપના જુના કાર્યકર કંચનભાઈ વસાવાએ ટિકિટ ન મળતાં આમ આદમી પાર્ટીમાંથી ફોર્મ ભર્યું હતું. જે ફોર્મ પરત ખેંચતા ૨૮ બેઠક માટે આમ આદમી પાર્ટીને ત્રણ જ ઉમેદવાર મળ્યા હતા જેમાંથી એક પરત ખેંચાતા હવે આમ આદમી પાર્ટીના બે જ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. જેથી ખરાખરીનો જંગ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેશે.

**નામ બદલેલ છે**

મેં મારું નામ **પઠાણ આદીલખાન ઐયુબખાન** હતું, જે બદલીને **મોહમ્મદ આદીલખાન ઐયુબખાન પઠાણ** કરેલ છે.
**સરનામું :** એ-૨૦, ખાન પેલેસ, અમન સોસાયટી શાહેઆલમ, રસુલાબાદ, અમદાવાદ-૩૮૦૦૨૮
5065

**નામ બદલેલ છે**

મેં મારું નામ **રશ્મિ વિનોદભાઈ જીતવાણી** હતું, જે બદલીને **રશ્મિ વિનોદભાઈ બજાજ** કરેલ છે.
**સરનામું :** ડી-૨૪/૧૬, સ્વિમાન પાર્ક, નોબલનગર અમદાવાદ-૩૮૨૩૪૦
5072

**નામ બદલેલ છે**

મેં મારું નામ **દર્શનકુમાર ભરતકુમાર ત્રિવેદી** હતું, જે બદલીને **દર્શન ભરતભાઈ ત્રિવેદી** કરેલ છે.
**સરનામું :** જી-૪૦૩ આનંદ વિહાર ફલેટ એપોલો ઈન્ટરનેશનલ સ્કુલની સામે, ત્રાગડ અમદાવાદ-૩૮૨૪૭૦
5073

**વેસ્ટર્ન ટાઇમ્સ**

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

**-જાહેરખબર મેનેજર**

**સિમ્ફની લિમિટેડ**
**CIN - L32201GJ1988PLC010331**
રજિસ્ટર્ડ ઓફિસ : સિમ્ફની હાઉસ, ત્રીજો માળ, એફપી૧૨-ટીપી૫૦, બોડકદેવ, ઓફ એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૫૯. ગુજરાત, ઈન્ડિયા. ટેલીફોન : ૯૧-૭૯-૬૬૨૧૧૧૧૧,
ઈમેઈલ : investors@symphonylimited.com, વેબસાઈટ: symphonylimited.com

**રેકોર્ડ તારીખની નોટીસ**

કંપની કાયદા, ૨૦૧૩ની કલમ ૯૧ અને સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સના નિયમન ૪૨ મુજબ આ નોટીસ આપવામાં આવે છે કે,૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ની બોર્ડ મીટિંગમાં વચગાળાના ડિવિડન્ડની મંજુરીને ધ્યાનમાં રાખીને કંપનીએ વચગાળાના ડિવિડન્ડની ચુકવણી માટે રેકોર્ડ તારીખ મંગળવાર, ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ નક્કી કરેલ છે. જે સભ્યોનું નામ કંપનીના સભ્યોના રજિસ્ટરમાં મંગળવાર, ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના બંધના કલાકોમાં હશે તે વચગાળાના ડિવિડન્ડને પ્રાપ્ત કરવાને હકદાર રહેશે.

આ જાણકારી કંપનીની વેબસાઈટ www.symphonylimited.com સ્ટોક એકસચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

**સિમ્ફની લિમિટેડ**, વતી
સહી/-
**મયુર બરવાડીયા**
**કંપની સેક્રેટરી અને હેડ-લીગલ**

સ્થળ: અમદાવાદ
તારીખ: ૫ ફેબ્રુઆરી, ૨૦૨૫

SYMPHONY LIMITED

**Franklin Templeton Mutual Fund**

Cordially invites you for a program under it's Investor Education and Awareness Initiative.

Venue :
Surya Palace,
Sayajigunj, Vadodara

Date: 8th February, 2025
Time: 6.30 p.m.

Contact Person: Kunal Nikam (9898073104)

Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow

We look forward to your participation.

FRANKLIN TEMPLETON

Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West) Mumbai - 400013

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully**




ડોક્ટર વિપુલભાઈ જાની હિંમતનગરને જીએમઈઆરએસ હોસ્પિટલ ઇન્ચાર્જ આર.એમ.ઓ.તરીકે નિમણૂક મળતા મિત્રો તથા સ્નેહીજનોને તેમને અભિનંદન આપ્યા હતા.( તસ્વીરઃ-હસમુખ પંચાલ ,ખેડબ્રહ્મા )

# આર્થા ભારતના સીઓઓએ આઈસીએઆઈ તરફથી સીએ વુમેન સીએ ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો

**નવી દિલ્હી,** કેન્દ્રીય કાયદા અને ન્યાય પ્રધાન અર્જુન રામ મેઘવાલે એક ભવ્ય કાર્યક્રમમાં આર્થા ભારત ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ આઈએફએસસી એલએલપીના ચીફ ઓપરેટિંગ ઓફિસર અશ્વિની સાવરીકરને વિમેન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ધ યરનો એવોર્ડ એનાયત કર્યો હતો. આ કાર્યક્રમમાં આઈસીએઆઈના પ્રેસિડેન્ટ રણજીત કુમાર અગરવાલ, આઈસીએઆઈના વાઈસ પ્રેસિડેન્ટ ચરણજોત સિંહ નંદા અને આઈસીએઆઈ સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર તથા આઈસીએઆઈના ડબ્લ્યુએમઈસીના ચેરપર્સન પ્રિતી પારસ સાવલા ઉપસ્થિત રહ્યા હતા.

આર્થા ભારત એ ભારતના એકમાત્ર ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ સેન્ટર એવા ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી (ગિફ્ટ)માં સ્થપાયેલા પહેલા ડિસ્ટ્રેસ ડેટ ફંડ એવા રૂ. ૧,૧૦૦ કરોડના આર્થા ગ્લોબલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડની ઈન્વેસ્ટમેન્ટ મેનેજર છે. સુશ્રી સાવરીકર આર્થા ભારત ખાતે રિસ્ક મેનેજમેન્ટ, કમ્પ્લાયન્સ, બેક-ઓફિસ ઓપરેશન્સ, એચઆર, ફાઈનાન્સ અને એડમિનિસ્ટ્રેશનની કામગીરી સંભાળે છે. આ એવોર્ડ ભારતમાં સીએની સર્વોચ્ચ નિયમનકારી સંસ્થા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા આપવામાં આવે છે.

**SHARE MART** Market to better the best

**MARKET CREATORS LIMITED**
**Registered Office :** 'Creative Castle' 70, Sampatrao Colony, Vadodara - 7
**Ph. :** 0265 - 2354075 Fax : 2340214 • **Email:** info@marketcreators.net
**Website :** www.sharemart.co.in • **CIN No.:** L74140GJ1991PLC016555

**પોસ્ટલ બેલેટની સૂચના**

આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે માર્કેટ ક્રિએટર્સ લિમિટેડ ("કંપની") નીચેના ખાસ ઠરાવો પર રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા કંપનીના સભ્યોની મંજૂરી માંગે છે:

| ક્રમાંક. | ખાસ ઠરાવોનું વર્ણન |
|---|---|
| 1. | શ્રી કિરીટ ધીરજલાલ વડાલિયા (DIN: 01961973) ની નોન-એક્ઝિક્યુટિવ સ્વતંત્ર ડિરેક્ટર તરીકે નિમણૂક. |

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ("ધ એક્ટ") ની કલમ ૧૦૮, કલમ ૧૧૦ અને અન્ય લાગુ જોગવાઈઓ, જો કોઈ હોય તો, અનુસાર, જે કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ("ધ રૂલ્સ"), રેગ્યુલેશન ૪૪ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("ધ સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સ") ના નિયમો ૨૦ અને ૨૨ સાથે વાંચવામાં આવે છે, ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ જનરલ મીટિંગ પર સેક્રેટરિયલ સ્ટાન્ડર્ડ-૨ (SS-૨) (સમય સમય પર તેના કોઈપણ વૈધાનિક સુધારા(ઓ), સુધારા(ઓ) અથવા પુનઃઅધિનિયમ(ઓ) સહિત) અને ૮ એપ્રિલ, ૨૦૨૦ ના રોજના જનરલ પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦ ના રોજના જનરલ પરિપત્ર નં. ૧૭/૨૦૨૦, ૧૫ જૂનના જનરલ પરિપત્ર નં. ૨૨/૨૦૨૦, 2020, 28 સપ્ટેમ્બર, 2020 ના રોજ જાહેર પરિપત્ર નં. 33/2020, 31 ડિસેમ્બર, 2020 ના રોજ જાહેર પરિપત્ર નં. 39/2020, 23 જૂન, 2021 ના રોજ જાહેર પરિપત્ર નં. 10/2021, 8 ડિસેમ્બર, 2021 ના રોજ જાહેર પરિપત્ર નં. 20/2021, 5 મે, 2022 ના રોજ જાહેર પરિપત્ર નં. 3/2022, 28 ડિસેમ્બર, 2022 ના રોજ જાહેર પરિપત્ર નં. 11/2022 અને 25 સપ્ટેમ્બર, 2023 ના રોજ જાહેર પરિપત્ર નં. 9/2023, કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલ 19 સપ્ટેમ્બર, 2024 ના રોજ જાહેર પરિપત્ર નં. 9/2024 અને અન્ય લાગુ કાયદા અને નિયમનો, નીચે આપેલા ઠરાવો કંપનીના સભ્યો દ્વારા ફક્ત ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મતદાન દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા પસાર કરવાનો પ્રસ્તાવ છે ("દૂરસ્થ ઈ-વોટિંગ").

આ સૂચના કંપનીની વેબસાઇટ: www.sharemart.co.in, BSE લિમિટેડ ('BSE') ની વેબસાઇટના સંબંધિત વિભાગ: www.bseindia.com અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડની વેબસાઇટ: www.evotingindia.com પર પણ ઉપલબ્ધ છે.

MCA પરિપત્રોની જોગવાઈઓ અનુસાર, સભ્યો ફક્ત ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા જ મતદાન કરી શકે છે. સભ્યોના મતદાન અધિકારોની ગણતરી કટ-ઓફ તારીખે કંપનીના તેમના દ્વારા રાખવામાં આવેલા ઇક્વિટી શેરના આધારે કરવામાં આવશે. કોઈપણ વ્યક્તિ જે કટ-ઓફ તારીખે કંપનીનો શેરધારક નથી, તે પોસ્ટલ બેલેટ નોટિસને ફક્ત માહિતીના હેતુ માટે ગણશે.

કંપનીએ તેના તમામ સભ્યોને ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ ('"CDSL") ની સેવાઓનો ઉપયોગ કર્યો છે. ઈ-વોટિંગ સુવિધા નીચેના સમયગાળા દરમિયાન ઉપલબ્ધ રહેશે:

| | |
|---|---|
| ઈ-વોટિંગ સમયગાળાની શરૂઆત | સોમવાર, ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫, સવારે ૯:૦૦ વાગ્યે (IST) |
| ઈ-વોટિંગ સમયગાળાની સમાપ્તિ | મંગળવાર ૧૧ માર્ચ, ૨૦૨૫, સાંજે ૫:૦૦ વાગ્યે (IST) |
| મતદાન કરવાની કટ-ઓફ ડેટ | શુક્રવાર, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ |

ઈ-વોટિંગ સુવિધા CDSL દ્વારા મંગળવાર ૧૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે IST પછી તરત જ બંધ કરવામાં આવશે.

જે સભ્યોએ પોતાનું ઈ-મેલ સરનામું અપડેટ કર્યું નથી, તેમને ડિપોઝિટરીમાં ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં રાખેલા શેરના સંદર્ભમાં તેમના ડિપોઝિટરી સહભાગી દ્વારા અને ભૌતિક સ્વરૂપમાં રાખેલા શેરના સંદર્ભમાં કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, MUFG ઈનટાઇમ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડને vadodara@linkintime.co.in પર ઇમેઇલ દ્વારા અથવા ગીતાકુંજ, 1, ભક્તિ નગર સોસાયટી, ABS ટાવર પાછળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા, ગુજરાત, 390015 પર પોસ્ટ દ્વારા નોંધણી કરાવવા વિનંતી છે.

બોર્ડે પોસ્ટલ બેલેટ મતદાન પ્રક્રિયાને નિષ્પક્ષ અને પારદર્શક રીતે ઈ-વોટિંગ દ્વારા હાથ ધરવા માટે સ્કુટિનાઈઝર તરીકે સીએસ હીના પટેલ (ICSI સભ્યપદ નંબર ACS 40323), પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી, વડોદરાની નિમણૂક કરી છે.

ઈ-વોટિંગની ચકાસણી પૂર્ણ થયા પછી સ્કુટિનાઈઝર પોતાનો રિપોર્ટ ચેરમેન અથવા ચેરમેન દ્વારા અધિકૃત અન્ય કોઈપણ વ્યક્તિને સુપરત કરશે, અને પરિણામ ઈ-વોટિંગ પૂર્ણ થયાના 48 કલાકની અંદર એટલે કે મંગળવાર 11 માર્ચ, 2025 ના રોજ સાંજે 5.00 વાગ્યે જાહેર કરવામાં આવશે, અને તે કંપનીની વેબસાઇટ (https://sharemart.co.in/ent/investors-desk) અને CDSL ની વેબસાઇટ (https://www.evotingindia.com) પર પણ પ્રદર્શિત કરવામાં આવશે, અને સ્ટોક એક્સચેન્જ, ડિપોઝિટરી, રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટને જાણ કરવામાં આવશે.

જો તમને ઈ-વોટિંગ સંબંધિત કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય, તો www.evotingindia.com પર ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઈ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકો છો જે મદદ વિભાગ હેઠળ ઉપલબ્ધ છે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેલ લખી શકો છો અથવા શ્રી રાકેશ દલવી, સિનિયર મેનેજર, 25મા માળે, એ વિંગ, મેરેથોન ફ્યુચરેક્સ, મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એનએમ જોશી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઈ - 400 013 નો સંપર્ક કરી શકો છો; સંપર્ક વિગતો 022-23058542/43 પર બધા કામકાજના દિવસોમાં કામકાજના કલાકો દરમિયાન સંપર્ક કરી શકો છો.

**માર્કેટ ક્રિએટર્સ લિમિટેડ વતી**
**કલ્પેશ જે શાહ**
**સહી/- (ડાયરેક્ટર) DIN - 00051760**

**સ્થળ: વડોદરા**
**તારીખ: ૦૫ ફેબ્રુઆરી, ૨૦૨૫**

**ISL CONSULTING LIMITED**
**રજીસ્ટર્ડ ઓફિસઃ-** ૫૦૪, પાંચમો માળ, પ્રિવેરા, બેંક ઓફ બરોડા પાસે, હોન્ડા શો રૂમની ઉપર, નેહરુ નગર સર્કલ, અમદાવાદ – ૩૮૦૦૧૫,
ફોનઃ ૦૭૯-૪૦૦ ૩૦૩૫૧, ૦૭૯-૪૦૦ ૩૦૩૫૨,
E-mail: innogroup@gmail.com, Website: www.islconsulting.in
(CIN : L67120GJ1993PLC086576)

**૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પૂરા થતાં ત્રિમાસીક અને નવ માસના અંત ગાળા માટેના સ્ટેન્ડલોન અનઓડીટેડ નાણાંકીય પરિણામો**

**(રૂપિયા લાખમાં)**

| ક્રમ નં. | વિગત | ત્રિમાસીકના અંતે | | | નવ માસના અંતે | | વર્ષના અંતે |
|---|---|---|---|---|---|---|---|
| | | ૩૧.ડિસે.-૨૪ (અનઓડીટેડ) | ૩૦.સપ્ટે.-૨૪ (અનઓડીટેડ) | ૩૧.ડિસે.-૨૩ (અનઓડીટેડ) | ૩૧.ડિસે.-૨૪ (અનઓડીટેડ) | ૩૧.ડિસે.-૨૩ (અનઓડીટેડ) | ૩૧-માર્ચ.-૨૪ (ઓડીટેડ) |
| ૧ | કામગીરીથી કુલ આવક | ૪૨૩.૪૨૯ | ૭૮૧.૮૫૩ | ૫૬૦.૪૯૦ | ૧૭૫૩.૦૭૪ | ૧૦૩૨.૬૩૪ | ૨૪૪૦.૩૮૬ |
| ૨ | સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકશાન) (કરવેરા પહેલાં, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ) | -૧૭૭.૨૯૫ | ૪૧.૨૬૯ | ૧૮૨.૩૧૮ | ૩.૩૮૬ | ૪૫૬.૭૩૪ | ૩૮૬.૫૮૧ |
| ૩ | કરવેરા પૂર્વેના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકશાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ ) | -૧૭૭.૨૯૫ | ૪૧.૨૬૯ | ૧૮૨.૩૧૮ | ૩.૩૮૬ | ૪૫૬.૭૩૪ | ૩૮૬.૫૮૧ |
| ૪ | કર બાદના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકશાન) (અસાધારણ અને / અથવા અસાધારણ વસ્તુઓ ) | -૧૭૭.૨૯૫ | ૨૬.૨૫૬ | ૧૮૨.૩૧૮ | -૧૧.૬૨૮ | ૪૫૬.૭૩૪ | ૩૦૯.૭૭૯ |
| ૫ | સમયગાળા માટે કુલ વ્યાપક આવક (કરવેરા પછી) અને અન્ય સમયગાળા કુલ વ્યાપક આવક (કરવેરા પછી) માટે નફો/(નુકસાન) | -૧૭૭.૨૯૫ | ૨૬.૨૫૬ | ૧૮૨.૩૧૮ | -૧૧.૬૨૮ | ૪૫૬.૭૩૪ | ૩૦૯.૭૭૯ |
| ૬ | ઈક્વિટી શેર મૂડી (રૂ.૫/- દરેકની) | ૧૨૦૦.૦૦૦ | ૧૨૦૦.૦૦૦ | ૧૨૦૦.૦૦૦ | ૧૨૦૦.૦૦૦ | ૧૨૦૦.૦૦૦ | ૧૨૦૦.૦૦૦ |
| ૭ | અનામત (રિવેલ્યુએશન મૂલ્યાંકન રિઝર્વ સિવાય) | | | | | | -૩૫.૭ |
| ૮ | શેર દીઠ કમાણી (રૂ .૫ /- દરેકની) (ચાલુ કામગીરી માટે) | | | | | | |
| | ૧. બેઝીક | -૦.૭૩૯ | ૦.૧૦૯ | ૦.૭૬૦ | -૦.૦૪૮ | ૧.૯૦૩ | ૧.૨૯૧ |
| | ૨. ડાયલ્યુટેડ : | -૦.૭૩૯ | ૦.૧૦૯ | ૦.૭૬૦ | -૦.૦૪૮ | ૧.૯૦૩ | ૧.૨૯૧ |

નોંધ : ઉપરોક્ત ત્રિમાસીક અને નવ માસિક નાણાંકીય પરીણામોનું વિસ્તૃત ફોર્મેટનું આ ઉતારો છે જેને સેબીના રેગ્યુલેશન ૩૩ હેઠળ (લીસ્ટીંગ એન્ડ અધર્સ ડિસકલોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન ૨૦૧૫ હેઠળ સ્ટોક એક્ષચેન્જમાં ફાઈલ કરવામાં આવેલ છે. ઉપરોક્ત ત્રિમાસીક અને નવા માસના અંત ગાળા માટેના નાણાંકીય પરીણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્શચેન્જની વેબસાઈટ http://www.bseindia.com પર ઉપલબ્ધ છે અને કંપનીની વેબસાઈટ http://www.islconsultng.in ઉપર પણ ઉપલબ્ધ છે.

પરિણામ ખોલવા માટે કૃપા કરીને નીચે આપેલ QR કોડ સ્કેન કરો.

**બોર્ડના હુકમથી**
**આઇએસએલ કન્સલ્ટિંગ લીમીટેડ વતી**
**સહી/-**
**અંકિત જે. શાહ**
**મેનેજીંગ ડીરેક્ટર**
**(ડીન - ૦૨૬૯૫૯૮૭)**

**તારીખ : ફેબ્રુઆરી ૦૪, ૨૦૨૫**
**સ્થળ : અમદાવાદ**